બાળગ્રંથાવળી :: ત્રીજી શ્રેણી :: ૧૮

# જૈન તીર્થોનો ટુંક પરિચય

ભાગ ૧ લો.

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ

:: બાળગ્રંથાવળી કાર્યાલય અમદાવાદ ::

બાળગ્રંથાવળી :: ત્રીજી શ્રેણી :: ૧૮

# જૈન તીર્થોનો ટુંકું પરિચય

## ભાગ ૧ લો

: લેખક :
ધીરજલાલ ટોકરશી શાહ

સર્વ હક્ક સ્વાધીન

આવૃત્તિ પહેલી ∴ સંવત ૧૯૮૭

મૂલ્ય સવા આનો.

પ્રકાશક :
ધીરજલાલ ટોકરશી શાહ
ચિત્રકાર, બુકસેલર એન્ડ પબ્લીશર,
રાયપુર, હવેલીની પોળ,
અ મ દા વા દ.

મુદ્રક :
ચીમનલાલ ઇશ્વરલાલ મહેતા
મુદ્રણસ્થાન : વસંતમુદ્રણાલય
ઘીકાંટા રોડ : : અમદાવાદ.

# જૈન તીર્થોનો ટુંક પરિચય

: ૧ :

જન્મમરણના ફેરાનો સરવાળો કરીએ તો સાગરમાં પાણીનાં ટીપાં છે તેટલો થાય. આથી જન્મ મરણના ફેરાને ભવસાગર કહેવાય છે. આવા ભવસાગર તરી જવાનું ઠેકાણું તે તીર્થ કહેવાય છે. શ્રી ઋષભદેવ ભગવાનથી માંડીને શ્રી મહાવીર સ્વામી સુધીના દરેક જિનેશ્વરોએ આવું તીર્થ સ્થાપેલું છે અને તેથી તેઓ તીર્થંકર કહેવાયા છે.

એમના સ્થાપેલા તીર્થને સંઘ પણ કહે છે જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ થાય છે. આ સિવાય તીર્થનો અર્થ પવિત્ર સ્થાન એવો પણ થાય છે, કારણ કે પવિત્ર સ્થાને જવાથી સારી ભાવના આવે છે અને એવી ભાવના વધતાં વધતાં આત્મા નિર્મળ બની ભવસાગર તરી જાય છે.

જ્યાં જ્યાં તીર્થંકરોનો જન્મ થયો હોય, દીક્ષા થઈ હોય, કેવળ જ્ઞાન થયું કે નિર્વાણ થયું તે બધા સ્થાનો તીર્થ છે. એ ઉપરાંત તેમણે જ્યાં જ્યાં તપ કર્યાં હોય કે તેમના જીવનમાં કોઈ ખાસ બનાવ બન્યો હોય તે સ્થાનો પણ તીર્થ છે. આવા તીર્થો પ્હાડોપર, નદી કિનારે, ગામડાંમાં શહેરોમાં, જંગલોમાં, એકાંત જગામાં, એમ અનેક ઠેકાણે આવેલાં છે.

ઘણા ભાગે આવાં તીર્થો પર ભવ્ય જિનાલયો બાંધેલાં છે, જ્યાં શાંતિ પવિત્રતા ને કળાનો અદ્ભુત સંગમ છે.

એવા સ્થાને જવું ને પવિત્ર ભાવના કેળવવી તે ખરેખર જીંદગીની સફળતા છે. અને એથી જ ધર્મશાસ્ત્રોમાં ઓછામાં ઓછી વર્ષમાં એક યાત્રા કરવી જોઇએ એવું ફરમાન છે.

બાંધેલા મંદિરો ઉપરાંત કેટલાક તીર્થ ખડકોમાં કોરી કાઢેલા છે, તો કેટલાક તીર્થમાં ફક્ત પગલાં જ છે, અને કેટલાક તીર્થની તો ભૂમિ સ્પર્શના જ છે. ભૂમિ સ્પર્શના એટલે જ્યાં કાંઈ પણ બાંધકામ ન હોય, કેવળ ભૂમિનાં જ દર્શન કરવાનાં હોય.

આવાં તીર્થો કયાં કયાં છે તેનું એક પ્રાચીન સંસ્કૃત સ્તવન છે. દરેક વીર પ્રભુના બાળકે તે યાદ કરવા લાયક છે. આ રહ્યું તે સ્તવન :—

सद्भक्त्या देवलोके रविशशिभवने व्यंतराणां निकाये,
नक्षत्राणां निवासे ग्रहगणपटले तारकाणां विमाने ।
पाताले पन्नगेंद्रे स्फुटमणि किरणे ध्वस्तसांद्रांधकारे,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥ १ ॥
वैताढये मेरुशृंगे रुचकगिरिवरे कुंडले हस्तिदंते,
वक्षारे कूटनंदीश्वरकनकगिरौ नैषधे नीलवंते ।
चित्रे शैले विचित्रे यमकगिरिवरे चक्रवाले हिमाद्रौ,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥२॥
श्रीशैले विंध्यशृंगे विमलगिरिवरे ह्यर्बुदे पावके वा,
सम्मेते तारके वा कुलगिरिशिखरेऽष्टापदे स्वर्णशैले ।

सह्याद्रौ चोज्जयंते विपुलगिरिवरे गुर्जरे रोहणाद्रौ,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥३॥
आघाटे मेदपाटे क्षितितटमुकुटे चित्रकूटे त्रिकूटे,
लाटे नाटे च घाटे विटपिघनतटे देवकूटे विराटे ।
कर्णाटे हेमकूटे विकटतरुकटे चक्रकोटे च भोटे,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥४॥
श्रीमाले मालवे वा मलयजनिखिले मेखले पीच्छले वा,
नेपाले नाहले वा कुवलयतिलके सिंहले मैथले वा ।
डाहाले कोशले वा विगलितसलिले जंगले वा तिमाले,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥५॥
अंगे बंगे कलिंगे सुगतजनपदे सत्प्रयागे तिलंगे,
गौडे चौडे मुरींडे वरतरद्रविडे उद्रियाणे च पौंड्रे ।
आर्द्रे माद्रे पुलींद्रे द्रविडकुवलये कान्यकुब्जे सुराष्ट्रे,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥६॥
चंपायां चंद्रमुख्यां गजपुरमथुरापत्तने चाजयिन्यां,
कौशल्यां कोशलायां कनकपुरवरे देवगिर्यां च काश्यां ।
नाशिक्ये राजगेहे दशपुरनगरे भद्दीले ताम्रलिप्त्यां,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥७॥
स्वर्गे मर्त्यंतरिक्षे गिरिशिखरद्रहे स्वर्णदीनीरतीरे,
शैलाग्रे नागलोके जलनिधिपुलिने दुर्गमध्येत्रिसंध्यं ।
ग्रामे रन्ये वने वा स्थलजलविषमे भूरुहाणां निकुंजे,
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥८॥
श्रीमन् मेरुकलाद्रौ रुचकनगवरे शाल्मलौ जंबुवृक्षे,

चौजन्यचैत्यनंदे रतिकररुचके कुंडले मानुषांगे ।
इक्षुकारेंजनाद्रौ दधिमुखशिखरे व्यंतरे स्वर्गलोके
श्रीमत्तीर्थंकराणां प्रतिदिवसमहं तत्र चैत्यानि वंदे ॥९॥
इत्थं श्रीजैनचैत्यस्तवनमनुदिनं ये पठंति प्रवीणाः,
प्रोद्यत्कल्याणहेतुं कलिमलहरणं भक्तिभाजस्त्रिसंध्यं ।
तेषां श्रीतीर्थयात्राफलमतुलमलं जायते मानवानां,
कार्याणां सिद्धिरुच्चैः प्रमुदितमनसां चित्तमानंदकारि॥१०॥

: २ :

ઘડીભર બધી જંજાળ દૂર કરી આ પવિત્ર તીર્થોની યાત્રા કરવા તૈયાર થાવ. તીર્થયાત્રા કરતાં પ્રભુદર્શન ને મનની શાંતિ ઉપરાંત કુદરતના અનેક મનોહર દેખાવો જોવાનો તથા અનેક માણસોના સહવાસમાં આવવાનો પણ લાભ થશે.

સરસામાન જેટલો ઓછો હશે તેટલો ઠીક પડશે. જરૂરનો સામાન લઇ લ્યો. એકાદ ધાર્મિક પુસ્તક સાથમાં રાખો જેથી સમય મળતાં તેનું પણ વાંચન થઈ શકે.

જે જે તીર્થમાં જાવ ત્યાંના લેખ તથા દંતકથાઓ ને ઈતિહાસ મેળવી લ્યો. જો ચિત્ર જાણતા હો તો તેનું આલેખન પણ કરી લ્યો. એ ન જાણતા હોતો કેમેરા તો જરૂર લ્યો. એનાથી બને તેટલી સુંદર છબીઓ પાડી લ્યો. એને જોઈ બીજાને પણ એ તીર્થોની યાત્રા કરવાનું મન થશે.

: ૩ :

હિંદુસ્તાનમાં હાલ ૩૬ હજાર જેટલા જિનમંદિરો છે. એમાંના કેટલાક ખુબ સારી હાલતમાં છે. તો કેટલાક તદ્દન

જીર્ણ થઈ ગયાં છે. આમાંના જે જે મંદિરો મોટાં તીર્થ રૂપ ગણાય છે ત્યાં ત્યાં કારખાના અથવા તો વ્યવસ્થા કરનારી ને યાત્રાળુઓને સગવડ આપનારી સંસ્થાઓ છે. આપણા તીર્થોની સંભાળ રાખનારી મોટામાં મોટી પેઢી શેઠ આણંદજી કલ્યાણજીની છે. એ કોઇ શેઠના નામની નથી પણ આનંદ ને કલ્યાણના ભાવને સૂચવનાર નામો છે.

બધાં મંદિરોની યાત્રા કરતાં તો આખું જીવન પૂરૂં થાય પણ તેનાં મુખ્ય મુખ્ય તીર્થો રેલ્વે માર્ગે ૧ વર્ષમાં જોઇ શકીયે ખરા.

હિંદ બહાર પણ જૈન મંદિરો છે. હમણાં ઓસ્ટ્રીયા હંગેરીમાં એક ખેડુતના ખેતરમાંથી ચંદ્રપ્રભુજીનું મંદિર નીકળી આવ્યું છે. અમેરિકાના એક પહાડ પર શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા કોરેલી જણાઇ છે. આવા બીજા ઘણા સ્થળો હશે. કારણ કે એક વખત જૈન ધર્મ બીજા દેશોમાં પણ સારી રીતે ફેલાયો હતો. પણ હજી આપણને તેની પૂરતી માહિતી મળતી નથી.

વર્ણનની સરળતા ખાતર હિંદુસ્તાનના નીચે મુજબ વિભાગો કર્યા છે. (૧) કાઠીઆવાડ (૨) કચ્છ (૩) ગૂજરાત (૪) મારવાડ (૫) મેવાડ (૬) માળવા (૭) વરાડ (૮) મધ્યહિંદ (૯) પંજાબ ને કાશ્મીર (૧૦) સંયુકત પ્રાંત (૧૧) બિહાર (૧૨) બંગાળા (૧૩) બ્રહ્મદેશ (૧૪) મુંબાઇ (૧૫) ખાનદેશ (૧૬) મહારાષ્ટ્ર (૧૭) કર્ણાટક (૧૮) મલબાર (૧૯) મદ્રાસ ઈલાકો (૨૦) આંધ્ર (૨૧) મ્હૈસુર રાજ્ય (૨૨) હૈદરાબાદ રાજ્ય (૨૩) ઉત્કલ.

તેમાંના દરેક ભાગના મુખ્ય તીર્થોનો ટુંક પરિચય અનુક્રમસર આ પુસ્તકમાં આપેલો છે.

# કાઠીઆવાડ

તીર્થાધિરાજ શત્રુંજય, તાલધ્વજ, ( તળાજા ) નવખંડા પાર્શ્વનાથ (ઘોઘા), વલ્લભીપુર (વળા) ગિરનાર, અજાહરા પાર્શ્વનાથ, પ્રભાસપાટણ, વંથલી, વરેજાજી ને દ્વારિકા આ દેશનાં મુખ્ય તીર્થો છે.

## શત્રુંજય

શત્રુંજયના નામથી કોણ અજાણ્યું હશે ? આ પહાડ આપણું સહુથી મહાન તીર્થ છે. એના કાંકરે કાંકરે સિદ્ધ થયા છે એમ કહેવાય છે. પ્રભુ રીખવદેવ અહીં ૯૯ વખત આવ્યા હતા, તેમનાં પગલાં એક જુની રાયણ નીચે છે. પાસે જ ભરતચક્રવર્તીએ બંધાવેલું મહાન મંદિર છે. એ મંદિર આજે મૂળ સ્વરૂપમાં નથી કારણ કે વખત જતાં તે જીર્ણ થતું ગયું એટલે ફરી કરીને સમરાવવામાં આવ્યું છે. જીર્ણ થએલા મંદિરને સમરાવીને સારૂં કરવામાં આવે તેને ઉદ્ધાર કહે છે. એવા સોળ મહાન ઉદ્ધારો આ મંદિરના થયા છે. ઋષભદેવ ઉપરાંત બીજા ૨૨ તીર્થંકરો ( નેમનાથ સિવાય ) પણ અહીં આવી ગયેલ છે. બીજા પણ અનેક મહાન પુરુષોએ તપ કરી અહીં મુક્તિ મેળવી છે.

આ તીર્થનાં જુદાં જુદાં ૧૦૮ નામ છે. તેમાંના કેટલાંક નીચે મુજબ છે. સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચળ, શ્રીપદ, હસ્તગિરિ, સહસ્રકમળ, ઢંક, કદંબગિરિ, લોહિતગિરિ, વિમળાચળ વગેરે. અહીં નાનાં મોટાં મળી ૩૦૦૦ મંદિરો છે. એટલે એ મંદિરોનું જ મહાન નગર હોય તેવો દેખાવ થઈ રહ્યો છે. હિંદનો એક પણ ભાગ એવો નથી જ્યાંથી આ મંદિરોને

મહામોંઘી ભેટો મળી ન હોય. મહાન રાજાઓ ને પ્રધાનો અહીં સંઘ કાઢીને આવેલા છે. આ મંદિરોનાં જુદા જુદા નવ સમૂહ છે. મંદિરોનાં સમૂહને ટુંક કહે છે.

આ ઉપરાંત સુરજકુંડ, સિદ્ધવડ, ચિલ્લણા તલાવડી, શેત્રુંજી નદી વિગેરે પણ આ તીર્થમાં જોવા યોગ્ય છે.

આની તળેટીમાં પાલીતાણા નામે મોટું ગામ છે. જ્યાં સંખ્યાબંધ આલિશાન ધર્મશાળાઓ છે. એથી યાત્રાળુઓને દરેક પ્રકારની સગવડ મળે છે. સાધુ સાધ્વી અહીં નિરંતર જોવામાં આવે છે. ગામથી થોડે દૂરજ સ્ટેશન છે. ભાવનગર અહીંથી ૧૬ ગાઉ દૂર આવેલું છે.

## તાલધ્વજ (તળાજા)

તળાજી નદીને કિનારે ઉભેલી બે શિખરવાળી ટેકરી પર આ રમણીય તીર્થ આવેલું છે. હમણાં હમણાં તેનાપર સારી રકમ ખર્ચવામાં આવી છે. આજે પણ અહીં સંપ્રતિ રાજાના સમયની મુર્તીઓ જણાય છે. તે આ તીર્થની પ્રાચીનતા બતાવે છે.

અહીં પાર્શ્વનાથના તથા સુમતિનાથજીના મંદિરો તથા સહુથી ઉંચે ચોમુખની સુંદર દહેરી છે. ત્યાંથી આજુ બાજુનો દેખાવ મનનું હરણ કરે તેવો છે. અહીંનો એભલ-મંડપ જોતાં જુના વખતની બૌદ્ધ ગુફાઓ યાદ આવે છે.

ભાવનગરથી થોડે અંતરે આ સ્થળ આવેલું છે.

## નવખંડા પાર્શ્વનાથ

દરીઆ કિનારે ઉભેલું પ્રાચીન સમયનું મહાનબંદર ને આજનું ભાંગ્યું તૂટયું ઘોઘા નવખંડા પાર્શ્વનાથનું

તીર્થ છે. એનું દહેરાસર વિશાળ અને ભવ્ય છે. એમાંના નવખંડા પાર્શ્વનાથની મૂર્તિ વિષે અનેક ચમત્કારિક વાતો કહેવામાં આવે છે.

### વળા ( વલ્લભીપુર )

ઘોઘા જંકશનથી બાર ગાઉ દૂર વળા નામનું ગામ પ્રાચીન સમયની વલ્લભીપુરી છે. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે જૈન આગમો પહેલ વહેલાં અહીં પુસ્તકારૂઢ કર્યાં હતા.

### ગીરનાર

દરીઆની સપાટીથી ૩૬૭૫ ફુટ ઉંચે ઉભેલો આ પહાડ જૈન તથા હિન્દુ બન્નેનું મહાન તીર્થ છે. પ્રભુ નેમનાથે અહીં જ દીક્ષા લીધી. તેઓ અહીં જ જ્ઞાન પામ્યા ને અહીં જ નિર્વાણ પામ્યા તેથી તે તીર્થનાયક છે. એમનું ભવ્ય મંદિર ને બીજા અનેક જીનાલયો આ પહાડની કુદરતી શોભામાં વધારો કરી રહ્યા છે. આ પહાડની સાત ટુંકો છે. તેમાં પાંચ ટુંકો પર સહેલાઈથી જવાય છે. છઠ્ઠી ને સાતમી ટુંકે ચડવું અઘરૂં છે. આ મંદિરો ઉપરાંત રાજેમતીની ગુફા, અંબાજીનું મંદિર, સહસ્ત્રામ્રવન, લાખાવન, કપુરચંદજીની ગુફા, તાંતણીઓ ધરો, ગધેસિંગનો ડુંગર, અશ્વત્થામા પર્વત, સિદ્ધની ટેકરી, નવઘણ કુવો, રાખેંગરનો મહેલ, અશોકના શિલાલેખો વગેરે અનેક વસ્તુઓ જોવા લાયક છે. એની તળેટીમાં જુનાગઢ નામનું એક ઇતિહાસપ્રસિદ્ધ શહેર આવેલું છે. આ પર્વતના જુદા જુદા છ આરાના નામો નીચે મુજબ છે. (૧) કૈલાસગિરિ. (૨) ઉજ્જયંતગિરિ. (૩) રૈવતગિરિ. (૪) સુવર્ણગિરિ. (૫) ગિરનાર. (૬) નંદનભદ્ર.

યોગીઓનું આ પ્રિયસ્થાન ગણાય છે.

## અજાહરા પાર્શ્વનાથ

અરબ્બી સમુદ્રના કિનારે દીવબંદરથી ચાર ગાઉ ને ઉનાથી એક ગાઉ દૂર આ અત્યંત પ્રાચીન તીર્થ જંગલમાં આવેલું છે. એની મૂર્તિ સોળ લાખ વર્ષની જુની ગણાય છે.

આ ગામની ભાગોળમાં અજયપાળનાં ઝાડ છે, જે કોઇ વખત કરમાતા નથી અને અનેક ભયાનક રોગોને મટાડે છે એવું સંભળાય છે.

તમે બાળગ્રંથાવળીની પહેલી શ્રેણીમાં સુકોશલ મુનિની વાત વાંચી છે. એમના વંશમાં રઘુરાજા થયા ને તેમના પુત્ર અજયપાળે અહિં શહેર વસાવ્યું. એના ભયંકર રોગો અહીં મટયા હતા. આ પાર્શ્વનાથની મૂર્તિ કેવી રીતે મળી તે માટે રત્નસાર વેપારીની વાત છે જે જૈન તીર્થોના ઇતિહાસમાંથી જરૂર વાંચશો.

## પ્રભાસપાટણ

જૈનોનું આ પ્રાચીન તીર્થ છે—એક વખત અહીં ઘણાં જૈન મંદિરો હતાં. આજે થોડાં મંદિરો રહેલાં છે પણ તે પ્રાચીન અવશેષથી ભરપુર છે. અહીંના બજારમાં જે મસ્જીદ છે તે મુળ પાર્શ્વનાથનું મંદિર હતું. આની આસપાસ પણ પ્રાચીન અવશેષો છે, પણ જોઇએ તેવી શોધખોળ થઇ નથી એટલે એ વસ્તુઓ અંધારામાં છે.

## વંથલી

આજનું વંથલી જુના વખતમાં વામનસ્થલી નામે નગર હતું. જૈનોનાં અનેક મંદિરો અહીં શોભતાં હતાં. સિદ્ધરાજ ના સમયના સજ્જન મંત્રી અહીં જનમ્યા હતા જેમણે ગિરનારના મંદિરોના ઉદ્ધારમાં ઘણુંજ કામ કર્યું છે. હાલ

તો અહીં એકજ દહેરાસર છે. અહીંની મસ્જીદપણ પ્રભાસની જેમ જૈનમંદિરમાંથીજ બનેલી છે.

### વરેજાજી

પોરબંદરથી ૧૪ ગાઉ અંતરે વરેજાજી પાર્શ્વનાથનું તીર્થ આવેલું છે.

### દ્વારિકા

જુના વખતમાં ત્યાં ઘણાં મંદિરો હતાં. પ્રભુ નેમનાથ શ્રી કૃષ્ણ તથા યાદવોની તે આજે પણ યાદ આપે છે. આ તીર્થની ફક્ત ભૂમિસ્પર્શના જ છે.

આ સિવાય જામનગરમાં અત્યંત રમણીય જિનમંદિરો છે. કાઠીઆવાડનાં મોટાં શહેર કે ગામ ભાગ્યે જ એવા હશે કે જ્યાં એક પણ જૈન મંદિર નહિ હોય. વઢવાણ, વઢવાણ કેમ્પ, શીયાણી, લીંબડી, બોટાદ, રાણપુર, ચુડા, મોરબી, વાંકાનેર, મુળી, ધ્રાંગધ્રા, રાજકોટ, ધ્રોળ, જેતપુર, ચોરવાડ, માંગરોલ, વેરાવળ, લાઠી, ચિતળ, અમરેલી, મહુવા, ડાઠા વગેરે બધા સ્થળે જૈનમંદિરો છે.

---

## કચ્છ

### ભદ્રેશ્વર

બારે માસ લીલો રહેનારો કચ્છડો આજે પણ જૈનોની સંખ્યા સારી રીતે જાળવી રહ્યો છે. આ દેશમાં મોટું તીર્થ ભદ્રેશ્વરનું છે, જેનું પ્રાચીન નામ ભદ્રાવતી છે.

વિજયશેઠ ને વિજયાશેઠાણી જેવાનું અજોડ બ્રહ્મચારી

યુગલ તથા સર્વ શ્રેષ્ઠ દાનેશ્વરી જગડુશાહ અહીં જ થઇ ગયા છે. મંદિરની બાંધણી ખુબ સુંદર છે. અહીંથી પંચ-તીર્થીની શરૂઆત થાય છે. જેમાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથનું તીર્થ પણ આવી જાય છે.

માંડવી બંદરથી શરૂ કરી ભુજ આવતાં જિનમંદિરો વાળા ગામની પ્રવાસરેખા નીચે મુજબ છે:—

નવાવાસ, મેરાવા, ગોદરો, બાએટ, સાબરાઈ, ડુમરા, સાધાણ, સુંથરી, અરખાણા, સાયરા, વાકુ, વારાપદર, પરજાઉ, લાલા, જખૌબંદર, જસાપુર, નળીઆ, તેરા, સાધવ, કોઠારા, વરાડીઆ, વીંજાણ, નારાયણપુર, મનજલરેન્ડીઆ, રાધણજર, મહાદેવપુરકોટડી, નાનો રતડીઓ, મોટો રતડીઓ, ડોણ, નાગલપુર, કોડાય, ભેદડા, નાની ખાખર, મોટી ખાખર, દેસરપુર, ભુજપર, મુદ્રાબંદર, બારઈ, ગોયર, ભદ્રેશ્વર, અંજાર ને ભુજ.

કચ્છમાં થોડા માઇલમાં જ રેલ્વે છે. એટલે ગાડા મારગે કે પગ રસ્તે જ યાત્રા કરવાની છે.

માંડવી બંદર જવા માટે જામનગરથી વહાણમાં બેસવું જોઈએ.

## ગૂજરાત.

શ્વેતાંબર જૈનોની સહુથી વધારે પ્રમાણમાં જાહોજલાલી જાળવી રહેનાર કોઈ ભાગ હોય તો તે ગૂજરાત. એનું મોટું ગામ કોઇ પણ એવું નથી જ્યાં નાનું સરખુંયે જૈનમંદિર ન હોય.

ઉત્તરદિશાથી શરૂ કરીએ તો તારંગાજીનો પહાડ અજીતનાથ ભગવાનના ભવ્ય મંદિરથી સુશોભિત છે. એની મોક્ષશિલા-સિદ્ધશિલા વગેરે ટેકરીઓ મનનું હરણ કરે છે. ઇડરનો કિલ્લો પણ અરિહંતોના ભવ્ય દહેરાસરોને સાચવી રહેલો છે. પાલણપુર અથવા પ્રહલાદનપુર—શ્રી હીરવિજયજી જેવા જગદ્‌ગુરુના જન્મથી પાવન થયેલ છે. ડીસાથી આઠ માઇલ દૂર આવેલ ભીલડીયાજી—પ્રાચીન સમયની ભીલ્લપુરી—સુંદર તીર્થ છે. મંદિરની બાંધણીમાં મુસલમાન સમયના ઝનુનની છાપ છે. પાટણ એના પંચાસરા પાર્શ્વનાથ તથા સંખ્યાબંધ જિનમંદિરોથી આજે પણ જૈન ધર્મના મધ્યાહ્‌ન કાળની યાદ આપે છે. એનાં જ્ઞાનસાગર સમા ભંડારો આખાયે હિંદુસ્તાનનો અમુલ્ય વારસો છે. એની પાસે રહેલું ચારૂપ ઘણું જ પ્રાચીન તીર્થ છે. એની મૂર્તિ લાખો વર્ષની જુની છે. પંચાસર વીર વનરાજ તથા શીલગુણસૂરિની યાદ આપતું આજે પણ સુંદર દહેરાસર સાચવી રહ્યું છે. અહીંથી થોડે દૂર સંખેશ્વર પાર્શ્વનાથનું મહાન પુરાણુંતીર્થ ગૂજરાતની અનેક ચડતી પડતીના રંગને નિહાળતું લાખો વર્ષથી ઉભું છે. શ્રીકૃષ્ણ ને જરાસંધના યુદ્ધ વખતે યાદવોની જરા હઠાવવા માટે શ્રીકૃષ્ણે અઠ્ઠમ તપ કર્યું હતું. તેના પ્રભાવથી પ્રતિમા પ્રગટ થઇ હતી જે આજ સુધી પૂજાય છે. જગચિંતામણિ ચૈત્યવંદનમાં જેનું વંદન કરીએ છીએ તે મુહરિપાર્શ્વનાથ ટીંટોઇ ગામમાં ( મોડાસા પાસે ) વિરાજમાન છે. ભોંયણી—પાનસરના તીર્થો હમણાં હમણાં અસ્તિત્વમાં આવ્યા છે પણ દૂર દૂરના જૈનોની ભાવભરી ભક્તિનું કારણ થઈ પડયાં છે. કલોલ પાસેનું

શેરિસા એક વખત પ્રજ્ઞાપુર નામે મહાન નગર હતું જેની એક સાંકડીશેરી તરીકે કડી ઓળખાતું હતું. અનેક ઐતિહાસિક બાબતોને સાચવી રહેતું શહેર ત્રણુસો વરસ ગુપ્ત રહી પાછું પ્રસિદ્ધિને પામ્યું છે. અમદાવાદના એક ધર્મપ્રેમી સજ્જને ત્યાં ભવ્ય જિનાલય બંધાવવા માંડ્યું છે.

અહીંથી થોડે દૂર વામજ નામે ગામ છે. જ્યાંથી સંપ્રતિ રાજાના વખતની મૂર્તિઓ નીકળી આવી છે.

ઉત્તર ગૂજરાતમાં આ તીર્થો જોઇ તેની રાજધાની અમદાવાદ તરફ વળીએ. જૈનપુરીના નામથી ઓળખાતા આ શહેરમાં ૩૦૦ થી ૩૫૦ જેટલાં જિનમંદિરો છે, તેમ જ અનેક ઉપાશ્રયો, પાઠશાળાઓ ને બીજી ધાર્મિક સંસ્થાઓ ચાલી રહી છે. દિલ્હી દરવાજા બહાર હઠીભાઈની વાડીમાં બાવન જિનાલયવાળું જૈન મંદિર તેની કોતરણી તથા બાંધણીથી ખુબ વિખ્યાત છે. એ ઉપરાંત સમ્મેત શિખરની પોળમાં લાકડાંની કોતરણીવાળું દહેરાસર, જગવલ્લભજી પાર્શ્વનાથ, ચિંતામણિ પાર્શ્વનાથ, શામળા પાર્શ્વનાથ, અજિત નાથજીનું મંદિર, સરસપુરનું મંદિર પણ જોવાલાયક છે. તીર્થોની વ્યવસ્થા કરનાર સમસ્ત જૈનસંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પણ અહીં છે. જ્ઞાનભંડારની સંખ્યા બહુ સારી છે. અહીંથી થોડે દૂર આવેલું ખંભાત પણ લાંબા વખતથી જૈનોની જાહોજલાલી સાચવી રહ્યું છે. ત્યાં સો જેટલાં જૈનમંદિરો આજે પણ જોઈ શકાય છે. સ્થંભન પાર્શ્વનાથનું એ તીર્થ છે. અહીંના જ્ઞાનભંડારો પણ ખુબ કિમ્મતી છે. અહીંથી

સાત ગાઉ દૂર કાવી–ગાંધારના અત્યંત મનોહર જિનાલયો આવેલાં છે. નર્મદા કિનારે શુકલ તીર્થથી થોડે દૂર આવેલું ઝગડીયાજી આજે એ ભાગના જૈનોનું ખુબ પ્રિય તીર્થ છે ને ભરૂચ તો ખુબ ખુબ પ્રાચીન સંસ્મરણો સાચવી રહ્યું છે. મુનિસુવ્રત સ્વામીનું ભવ્ય મંદિર જોતાં હરકોઇ પ્રવાસીનું મસ્તક ઢળી પડે છે. આપણા એ મહાન ઉદ્ધારકે અહીંથી થોડે દૂર એક ઘોડાને પ્રતિ બોદ્યો હતો જે સ્થાન અશ્વાવબોધ નામે પ્રખ્યાત છે. એની પાસે જ સમળી વિહાર છે. જેની કથા ઘણી સુંદર છે. સુરત બંદરમાં એક વખત ૮૪ બંદરના વાવટા ઉડતા ને ત્યાંના જૈનો દેશ દેશના માણસોને પોતાના ધર્મનો સંદેશો પહોંચાડતા. તેના આલિશાન મંદિરો ને ઉપાશ્રયો આજે પણ એ વાતની સાખ પૂરે છે. અહીંના જૈનોમાં ધર્મ પ્રેમ વિશેષ છે.

આ સિવાય માંડલ, વીરમગામ, ઉપરીઆળા, શંતેજ ચાણસમા, ધોળકા, હિમ્મતનગર વગેરે અનેક સ્થળોએ સુંદર મંદીરો છે.

---

## મારવાડ.

અનેક જૈન તીર્થોથી સુશોભિત મારવાડનો પ્રદેશ આજે પણ ઘણાં ભવ્ય તીર્થો સાચવી રહ્યો છે. છતાં એનાં કેટલાએ મંદિરો આજે ખુબ જીર્ણ થઇ ગયાં છે. ને તેની સંભાળ રાખનારને અભાવે તેના દ્વારે કાંટા દેવાયા છે.

લાખોની મિલ્કત ઈષ્ટદેવની ભક્તિ અર્થે ન્યોછાવર કરતા ભકતોને બદલે આજે ત્યાં ચામાચીડીયાઓનોજ વાસ થયો છે. લક્ષ્મીનો ખરો સદુપયોગ આવા મંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં છે.

દક્ષિણ દિશાથી શરૂ કરીએ તો ગૂજરાંતત મારવાડની સરહદ પર સાચોર–સત્યપુરિમાં પ્રભુ મહાવીરની પ્રાચીન પ્રતિમાનાં દર્શન થાય છે. અરવલ્લીના દક્ષિણ છેડે આબુગિરિરાજ ગૂજરાત–રજપુતાના કાશ્મીર સમો ખડો છે. એના મધ્ય ભાગમાં જગતભરમાં અજોડ એવાં દેલવાડાનાં મંદિરો શોભી રહ્યાં છે. ત્યાંના પાંચ મંદિરોના સમૂહ પૈકી વિમળવસહી યાને વિમળશાહનું મંદિર અને લુણગ વસહી યાને નેમનાથનું મંદિર આરસપહાણની બીનહરીફ કોતરણીવાળાં છે. એક વિમળીવસહી બાંધવામાંજ વિમળશાહે ૧૮ ક્રોડને ૩૦ લાખ રૂપીઆ ખર્ચ્યા છે. નેમિનાથના મંદિરમાં એથી પણ વધારે ધન ખરચાયું છે ને તેના ફકત દેરાણીજેઠાણીના ગોખલામાંજ અઢાર લાખ રૂપીયા ખર્ચ થયું છે. આવા ધર્મ કળાપ્રેમી વિમળશાહ અને વસ્તુપાળ તેજપાળના જીવનચરિત્ર તમે અગાઉવાંચી ગયા છો. અહીંથી થોડે દૂર આવેલ અચળગઢનું ઉંચું શિખર પણ જિનમંદિરથી પવિત્ર થયેલ છે. એના એક મંદિરમાં ૧૪૪૪ મણ મિશ્રધાતુની પ્રતિમા છે. જે સોનાનીજ લાગે છે. આબુપાસેજ આવેલા આરાસણના ડુંગરામાં કુંભારીઆજીનાં પ્રાચીન મંદિરો ખંડેર હાલતમાં નજરે પડે છે. એની અપૂર્વ કોતરણી વાળા આરસના સ્થંભો પર આજે તો મરામત કરતાં ચુનાના કુચડા ફરી

રહ્યા છે, ને જાણે એ પત્થરોને કોરવામાં ભૂલ થઈ હોય તેમ કોતરણીના ખાડા પુરી રહ્યા છે. છતાં એ સ્થંભો તો બળજોરીથી પણ પોતાનું મૂળ સૌંદર્ય બતાવી રહ્યા છે. ખરેડીની પાસેજ વિમળશાહની પ્રખ્યાત ચંદ્રાવતીનાં ખંડેરો છે જ્યાં થોડાં વર્ષ પહેલાં સો ઉપરાંત આરસનાં મંદિર વિદ્યમાન હતાં. અહીંથી થોડે દૂર બામણવાડ, જારોલ્લી વગેરેની નાની પંચતીર્થી આવેલી છે. શિરોહી પણ પોતાના સુંદર મંદિરોથી જૈનમંદિરોના ગૌરવમાં વધારો કરી રહ્યું છે. રાણી સ્ટેશનથી થોડે દૂર આવેલ રાણકપુરજીનું ભવ્ય મંદિર પોતાની બાંધણીવડે આખા હિંદમાં અજોડ બન્યું છે. એના મંદિરોમાં ૧૪૪૪ સ્થંભો છે ને ૮૪ તો ભોંયરાં છે. ધનાશાહ પોરવાડને આવેલ નલિનીગુલ્મ વિમાનના સ્વપ્ન બરાબરજ આખું મંદિર નિર્માણ થયું છે. એમાં ૯૯ લાખ રૂા. નું ખર્ચ થયેલ છે. જોયા વિના આ મંદિરનો ખ્યાલ નજ આવે. અહીંથી વરકાણા, નાડોલ–નાડલાઈ ને ઘાણેરાવની પંચતીર્થી શરૂ થાય છે. લોટાણાજી વગેરે પણ જોવા લાયક છે. આ બધા ભાગ જોતાં તમારા મન ઉપર ખુબ અસર થશે. અહો એક વખત જૈનોની શું હાલત હતી ? આજે શું હાલત છે ? એરનપુરાથી ૧૬ માઇલ છેટે આવેલ ઘોળા ગઢમાં રહેલા મંદિરો કોરડાજી યાને કોરંટક નામનું પ્રાચીન તીર્થ છે. રેલ્વે માર્ગે આગળ વધતાં પાલી શહેર આવે છે જેના શહેર બહાર પર્વતપર બાંધેલાં મંદિરો મનને શાંત કરે છે. રણભૂમિના પ્રવાસનો અનુભવ કરતો યાત્રી જો અહીંથી આગળ વધે તો જેશલમીર આવે છે જેમાં લગભગ અગીઆર મંદિરો ખુબ શિલ્પની સમૃદ્ધિથી સુશોભિત છે. એના પુસ્તક

ભંડાર બધા ભંડારોના મુગટ સમાન ગણાય છે. આ શહેર ની પાસે આવેલ લોદરવાજીનું તીર્થ દરવર્ષ રેતીથી દટાતું જાણે કુદરતનો કાયદો સમજાવતું હોય તેમ ખડું છે. જોધપુર લુણીનાં મંદિરો પણ જોવાલાયક છે. જોધપુરથી ૧૬ ગાઉ દૂર આવેલ ઓશિયા નગરી પ્રાચીન સમયની ઉપકેશપુરી છે. પ્રભાવક શ્રી રત્નપ્રભસૂરિએ પોતાના ઉપદેશથી ૩ લાખ ૮૪ હજાર નગરજનોને અહીંજ જૈનો બનાવ્યા હતા ને ઓશવાલોની સ્થાપના કરી હતી. અહીંના મંદિરો સુંદર છે મેડતા શહેરની પાસે ફલોધિ પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ છે. જેના મંદિરો અનેક રીતે ધ્યાન દઇને દર્શન કરવા જેવાં છે. બીકાનેર, જયપુર, આમેર, સાંગાનેર ને અજમેરના મંદિરો પણ કળાનાં નમુના છે.

ઝાલોર પાસેનો સોવનગઢ—સુવર્ણગિરિ એક વખત ખુબ જાહોજલાલી ભોગવી આજે પોતાનો ઇતિહાસ કહેવાને જાણે ઉભો છે. એનાં મંદિરો ખુબ મજબુત બાંધણીનાંને કુશળ કળાકારોના હાથે નિર્માણ થયેલાં છે.

---

## મેવાડ

વીરભૂમિ મેવાડ જેમ શૌર્ય ગુણથી દીપે છે તેમ ધર્મપ્રેમથી પણ ઝળહળે છે. રાણા પ્રતાપને સહાય કરનાર ભામાશાહ આજ ભૂમિના નર રત્ન હતા.

## કેશરીયાજી ( ધુળેવગામ )

આ પ્રદેશનું સૌથી મોટું તીર્થ કેશરીયાજી છે. કેશરીયા દાદાના નામથી ઓળખાતું આ તીર્થ જૈન તથા જૈનેતર સર્વેને એક સરખું પ્યારૂં છે. એના ચમત્કારવાળી અનેક વાર્તા સંભળાય છે. આ પ્રતિમાજી ઉજ્જયનમાંથી વાગડ આવેલાં ને વાગડમાંથી ધુળેવ ગામમાં આવ્યાં. કયારે આવ્યા તે નકકી થયું નથી. ઉદેપુર અહિંથી ૨૮ માઇલ દૂર છે, ઈડર ૬૦ માઇલ દૂર છે.

## ચિતોડગઢ

શ્રૃંગારચવરી, શતવીશ દેવરી વગેરે જિનમંદિરથી તથા જયસ્તંભથી પ્રખ્યાત ચિતોડગઢ જોવો એ ખરેખર જિંદગીનો અનુપમ લ્હાવો છે. એ ભૂમિજ બળવાન છે. આ સ્થળમાં અનેક ઐતિહાસિક સ્થાનો જળવાયેલાં છે. જૈન સાહિત્યમાં કોહીનુર સમા જળહળતા શ્રી હરિભદ્રસૂરિ અહીં જ થયા હતા. અને તેમનો ઉપાશ્રય ને ગુપ્ત ભંડાર પણ અહીં જ છે. શ્રીસિદ્ધસેન દિવાકરે સૈનિક વિદ્યા અહીં જ સિદ્ધ કરી હતી.

## કરેડાજી.

ચિતોડગઢથી ઉદેપુર જતાં કરેડા સ્ટેશન આવે છે તેનાથી એક ગાઉ દૂર આ પ્રાચીન તીર્થ આવેલું છે. એનાં મંદિરો—ખાસ કરીને સભા મંડપો તથા રંગ મંડપો ખુબ સુંદર છે.

## દયાલશાહનું મંદિર

લગભગ એક કરોડ રૂપીઆના ખર્ચે તૈયાર થએલ આ મંદિર શ્રી નાથજીથી ૨૪ માઇલ દૂર એક પહાડ પર

આવેલું છે. મહારાજા રાજસિંહના મંત્રી દયાલશાહે આ મંદિર બંધાવી અમર નામ કર્યું છે. એની પાસે જ મહારાણાએ જયસમુદ્રની પાળ બંધાવી છે જેમાં એમણે પણ એક કરોડ રૂપીયા ખરચ્યા છે.

## દેલવાડા

પ્રાચીન સમયનું સમૃદ્ધ દેવકુળપાટક નગર આજનું દેલવાડા છે. એના અનેક સુશોભિત જૈન મંદિરો પૈકી લગભગ એકેક કરોડ રૂપીઆના ખર્ચે તૈયાર થયેલા ચાર મંદિરો આજે ઉભાં છે. એનાં દર્શન કરનારે ઉદેપુરથી પગે ચાલતાં ૧૦ માઈલ કે ખેમલી સ્ટેશનથી ત્રણ માઈલ જવું જોઇએ.

## અદબદજી

કુદરતનો કેવો કાયદો છે! જ્યાં એક વખત સાડા ત્રણસો ઝાલર એકી સાથે વાગતી તે સ્થળ આજે ભયંકર જંગલમાં પલટાઈ ગયું છે. એ જંગલમાં પ્રાયઃ ખંડેરની હાલત પામેલાં જિનમંદિરોમાં પણ કેટલાક બાવન જિનાલયો તો અડગ ઉભાં છે. એમની નકશી બહુ ઉત્તમ પ્રકારની છે. એ બધાં દહેરાસરોમાં કેવળ એક મંદિરમાં જ એક સાત ફુટ ઉંચી મૂર્તિ છે જે અદબદજીના નામથી ઓળખાય છે. ૧૬ મા તીર્થંકર શાંતિનાથ ભગવાનની એ મૂર્તિ છે.

## ઉદેપુર અને બીજા સ્થળો

મેવાડની રાજધાની ઉદેપુર જેમ અનેક રાજમહેલો ને ભવ્યપ્રાસાદોથી સુશોભિત છે તેમ જિનાલયોથી પણ સુશોભિત છે. આ સિવાય સમીના ખેડા,

દેવાલી, સીસારયા, મંજાવાડી, લક્કડવાસ, માંડણુ, બનેડા, ચંબળેશ્વર વગેરેમાં પણ મનોહર જિનપ્રાસાદો આવેલા છે. એક વખત જૈનધર્મ અહીંનો રાજધર્મ હતો. આજે પણ એના તરફ મહારાણા તરફથી ખુબ સદ્ભાવ બતાવવામાં આવે છે.

## વરાડ.

### અંતરીક્ષજી.

વરાડનાં મોટાં તીર્થો અંતરીક્ષજી ને મુક્તાગિરિ પહાડ છે.

અંતરીક્ષજીનો આખું ઇતિહાસ ગાતું સ્તવન તમે ઘણી વખત સાંભળ્યું હશે. જમીનથી એક વખત ભાલાપુર ઉંચી રહેતી અંતરીક્ષ પ્રભુની મહાન ચમત્કારિક પ્રતિમા આજે જો કે અંગલુછણું નીચેથી પસાર થાય તેટલી જ ઉંચી રહેલી છે, છતાં તેનો પ્રભાવ તો એવોને એવો જ છે. આકોલાથી ૨૬ ગાઉ દૂર આ તીર્થ આવેલું છે.

### મુક્તાગિરિ.

એલીચપુરથી ૩ ગાઉ ને ઉમરાવતીથી ૧૭ ગાઉ દૂર આવેલ આ પહાડ ખુબ રમણીય છે. એલીચપુરના ઇલ રાજાએ આ તીર્થ સ્થાપન કરેલું છે. પહેલાં તેનો વહીવટ શ્વેતાંમ્બરોના હાથમાં હતો હાલ દિગમ્બરોના હાથમાં છે. ચૈત્ર માસમાં ડુંગર પર કેસરનાં છાંટા પડે છે એવી લોકોમાં માન્યતા છે.

આ બે તીર્થ સિવાય વર્ધા, ઉમરાવતી, આકોલા,

કારંજા, મૂરતીજાપુર, બાલાપુર, ભુસાવલ, ખંડવા વગેરેમાં પણ સુંદર જૈન મંદિરો છે.

બુરાનપુરમાં મનમોહન પાર્શ્વનાથનું મંદિર તીર્થ ગણાય છે જ્યાં સમેતશિખરની રચના લાકડામાંથી કરેલી છે તે બહુ સુંદર છે.

## મધ્ય હિંદ.

મધ્ય હિન્દુસ્તાનમાં નાગપુર ને રાયપુર મ્હોટાં શહેરો છે. તેમાં આપણાં જૈન મંદિરો છે આ પ્રાંતમાં બીજા અનેક સ્થળે તે હોવાનો સંભવ છે પણ તેની હજી જોઇએ તેટલી માહિતી મળતી નથી.

## પંજાબ ને કાશ્મીર.

આ પ્રદેશમાં પ્રાચીન તીર્થ તરીકે વિત્તભયનગર ને તક્ષશિલા છે. ભેરા ગામ રેલ્વે સ્ટેશન છે, અને જ્યાં લાલમુસા જંકશનથી જવાય છે તે પ્રાચીન સમયનું વિત્તભય નગર છે. જૈન શાસ્ત્રમાં પ્રખ્યાત ઉદયનરાજા ને પ્રભાવતી રાણી અહીં થઇ ગયાં છે. પ્રભાવતીને ગાંધાર શ્રાવકે આપેલી ચંદનની મહાવીર પ્રભુની મૂર્તિ એક ભવ્ય મંદિર બંધાવીને આ નગરમાં જ પધરાવવામાં હતી. આજે આ સ્થળે એક જૈન મંદિર હૈયાત છે. જૈનનું ઘર તો એક પણ નથી. પાસે આવેલ પિંડદાદાન ગામમાં ૧૫-૨૦ શ્રાવકોનાં ઘર છે. રાવળપીંડીથી પેશાવર જતાં તક્ષશિલા આવે છે. જ્યાં

મોટા પાયાપર પ્રાચીન અવશેષો ખોદી કાઢવામાં આવે છે. એમાંનો એક અવશેષ જિનમંદિર હોવાનું જણાયું છે. ભરત બાહુબલિનું યુદ્ધ આજ સ્થાને થયું હતું. પૂજ્ય આત્મારામજી મહારાજના વિહાર પછી પંજાબમાં અનેક ઠેકાણે જૈનમંદિરો બન્યા છે. આજે ગુજરાનવાળામાં આત્માનંદ જૈનગુરુકુળ ચાલી રહ્યું છે, જ્યાં હિન્દભરના જૈન વિદ્યાર્થીઓ આવીને લાભ લઈ શકે છે. અહીંથી ૧૬ ગાઉ આવેલ રામનગરમાં ચિંતામણિ પાર્શ્વનાથનું ગુલઝાર તીર્થ છે.

આ પ્રાંતમાં અંબાલા, લુધીઆણા, ફગવાડા, અમૃતસર લાહોર, પપનાખા, દીદારસિંગનો કિલ્લો વગેરે સ્થળોએ સુંદર જૈન મંદિર છે. બીજાં નાનાં ગામોમાં પણ ઘણાં જૈન મંદિરો છે.

કાશ્મીરના રાજ્યમાં જંબુ શહેર છે. ત્યાં આપણું જૈન દહેરાસર છે. અહીંથી ૨૫ ગાઉ દૂર આવેલ સનખતરામાં તથા ત્યાંથી ૬ ગાઉ દૂર નાટોવામમાં પણ જિન મંદિરો છે. પછી હિમાલય શરૂ થાય છે, અને એની પેલી પાર કાશ્મીરની ખીણ છે, જયાં એક વખત જૈન મંદિરો હતા પણ આજે તે વિષે કંઇ જણાતું નથી.

મુલતાનમાં પણ જિનમંદિર છે.

મેવાડ પછી માળવાનું પ્રકરણ ક્રમ પ્રમાણે આવવું જોઈએ પણ રહી જવાથી પંજાબ ને કાશ્મીર પછી મૂકયું છે.

# માળવા.

માળવાના સૌથી પ્રસિદ્ધ તીર્થ અવંતિપાર્શ્વનાથ, મક્ષીજી, માંડવગઢ તથા સેમલીયા ગ્રામ છે. અવંતિપાર્શ્વનથનું ભવ્ય મંદિર ઉજ્જનમાં આવેલું છે. એક વખત આખાયે હિંદુસ્તાન પર પ્રભાવ પાડતી આ નગરીના ઐતિહાસિક બનાવોની ગણુના કરવા બેસીએ તો પાર પણ કયાં આવે ? અવંતિસુકુમારની વાતમાં તમે વાંચ્યું છે કે આ મંદિર કેવી રીતે બંધાયું. આ મંદિર સિવાય બીજાં પણ નાનાં મોટાં ઘણાં મંદિરો છે. સિવાય વેધશાળા, મહાકાળેશ્વરનું મંદિર, કિલ્લો વગેરે અનેક વસ્તુઓ જોવા લાયક છે.

## મક્ષીજી.

સ્ટેશનથી થોડે દૂર આવેલા મક્ષી ગામમાં મક્ષીજી પાર્શ્વનાથનું મંદિર બુલંદ શિખરવાળું તથા ખુબ ભવ્ય છે. તેની આસપાસ નાની મોટી ત્રણ પ્રદક્ષિણા ફરવાની ભમતિ છે. ઘણા પ્રાચીન કાળથી એ સ્થાનનો તીર્થ તરીકેનો મહિમા છે.

## માંડવગઢ.

મહુની છાવણીથી લગભગ ૩૦ માઇલ છેટે પેથડકુમારની વાતમાં વાંચી ગયેલ સુપાર્શ્વનાથના કૃપાકટાક્ષવાળું માંડવગઢ આવેલું છે. એક વખત ત્યાં સવા લાખ જૈનોનાં ઘર હતાં. આજે તે એક નાનું ગામડું માત્ર છે. એની

આસપાસ જંગલમાં અનેક ખંડેરો આવેલાં છે. જે જોતાં મહાંધોનો મદ ગળી જાય છે. નામ તેનો નાશ છે એ વાત અહીં બરાબર મગજમાં ઉતરી જાય છે.

## સેમલીઆ ગ્રામ.

રતલામથી થોડા ગાઉને છેટે આ ગામ આવેલું છે, જેમાં પાંચ સુંદર દહેરાસરો છે. એ પૈકીનું શાન્તિનાથજીનું મંદિર કોઇક સ્થળેથી ઉડાડીને લાવેલા છે એમ કહેવાય છે. ભાદરવા સુદ ૨ ને દિવસે ભગવાનના ખભામાંથી દૂધની ધારા નીકળે છે, એવું પણ કહેવાય છે.

આ સિવાય નિમચ, મંદસોર, પ્રતાપગઢ, ઢોઢર, જાવરા, નીમલી, રતલામ, ખાખરીચ, સાગોદી, બબરોદ ગામ, તથા બડનગર, બીનાવર, આમલ, ઇંદોર, મહુ, હાંસલપટ, નાલચા, ધાર, ભોપાળ, ભીલસાર, બીના, ઝાંસી, સોનાગીર વગેરે સ્થળે પણ જોવાલાયક જિનમંદિરો છે.

## ગ્વાલીઅર.

ગ્વાલીઅર શહેરના કિલ્લામાં જૈનમંદિરો તથા મૂર્તિઓ છે જે દર્શન કરવા લાયક છે.

## કૃપા કરી જૈન તીર્થોનો ટુંક પરિચય ભાગ ૧ લો તથા ૨ જો વાંચતા પહેલાં નીચે મુજબ સુધારો કરી લેશો.

### ભાગ ૧ લો.

| પાનું. | લીટી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૭ | ૫ | ગૂજરાતત | ગૂજરાત |
| ૨૧ | ૧૯ | બીજા | બીજાં |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | ૨૧ | ચત્ર | ચૈત્ર |
| ૨૩ | ૮ | અ. | આ |
| ૨૪ | ૧૫ | નાટોવામમાં | નાટોગામમાં |

## ભાગ ૨ જો.

| | | | |
|---|---|---|---|
| ૪ | ૮ | જન | જૈન |
| ૫ | ૧૪ | પ્રયલિત | પ્રચલિત |
| ૬ | ૫ | જન | જૈન |
| ૯ | ૭ | જનોની | જૈનોની |
| ૧૦ | ૧૨ | જન | જૈન |
| ,, | ૧૪ | ભામરેમાં | ભામેરમાં |
| ,, | ૧૫ | અમલતેર | અમલનેર |
| ,, | ૧૭ | સ્થળો | સ્થળોએ |
| ૧૧ | ૧૫ | જન | જૈન |
| ,, | ૨૦ | જન | જૈન |
| ૧૩ | ૨ | બમની વડગામ, | બમની, વડગામ, |
| ,, | ૪ | જન | જૈન |
| ,, | ૭ | જન | જૈન |
| ૧૪ | ૧ | જન | જૈન |
| ,, | ૧૦ | ઘરને | ઘર ને |
| ,, | ૧૭ | જન | જૈન |
| ,, | ,, | જન | જૈન |
| ૧૬ | ૨ | શવમંદિરો | શૈવમંદિરો |
| ,, | ૧૧ | બલસારીમાં | બલ્લારીમાં |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | ૯ | હૈદરાબાદથી | હૈદરાબાદથી |
| ૧૮ | ૧૬ | ગણાતુ | ગણાતું |
| ૨૦ | ૨૩ | શ્રવણખેલગુણ | શ્રમણબેલગુલ |
| ,, | ૨૬ | સોપનગઢ | સોવનગઢ |

---



## કુદરત અને કળાધામમાં વીસ દિવસ.

# કોઈપણ જૈન વાંચ્યા વિના કેમ રહી શકે?

જૈન કુમારો પગ રસ્તે ચાલીને બધો સરસામાન જાતે ઉપાડીને ગૂજરાતનાં અણખેડયાં ડાંગનાં જંગલો ખેડે છે. સાહસભરી સફર કરતાં સુરગાણાં ને શામશૃંગ થઇ નાશિક પહોંચે છે. ત્યાંથી દોલતાબાદ, ઈલુરાની ગુફાઓ તથા અજન્તાની ગુફાઓનાં દર્શન કરે છે. ત્યાંથી મધ્યહિંદ સુધી પહોંચી ઓંકારેશ્વર, સિદ્ધવર કૂટ ને ધારાક્ષેત્રના જળ ધોધના રસપાન કરે છે. આ આખાયે પ્રવાસનું દીલચસ્પ વર્ણન કરતું અને અજન્તા–ઈલુરાની ગુફાઓનો વિસ્તૃત પ્રામાણિક હેવાલ આપતું સચિત્ર પુસ્તક બહાર પડી ચૂકયું છે. એનું એક પાનું વાંચવા લેશોકે પુસ્તક પૂરૂં કર્યા વિના નહિ ચાલે. ઉંચા ફેધરવેટ કાગળ, ૨૦૦ પૃષ્ટ; પ્રવાશનો નકશો તથા બીજા અગીયાર ચિત્રો; પાકું પુઠું ને આર્ટપેપરનું રેપર. કિમ્મત રૂા. દોઢ. પોસ્ટેજ અલગ. આજેજ મંગાવો.

# :: બાળ ગ્રંથાવળી ::

## પ્રથમ શ્રેણી

૧ શ્રી રીખવદેવ
૨ નેમ-રાજુલ
૩ શ્રીપાર્શ્વનાથ
૪ પ્રભુ મહાવીર
૫ વીર ધન્નો
૬ મહાત્મા દઢપ્રહારી
૭ અભયકુમાર
૮ રાણી ચેલ્લણા
૯ ચંદનબાળા
૧૦ ઇલાચીકુમાર
૧૧ જંબુસ્વામી
૧૨ અમરકુમાર
૧૩ શ્રીપાળ
૧૪ મહારાજા કુમારપાળ
૧૫ પેથડકુમાર
૧૬ વિમળશાહ
૧૭ વસ્તુપાળ-તેજપાળ
૧૮ ખેમો દેદરાણી
૧૯ જગડુશાહ
૨૦ ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્મા

## બીજી શ્રેણી

૧ અર્જુનમાળી
૨ ચક્રવર્તી સનતકુમાર
૩ ગણધર શ્રી ગૌતમ-સ્વામી
૪ ભરતબાહુબલિ
૫ આર્દ્રકુમાર
૬ મહારાજા શ્રેણિક
૭ વીર ભામાશાહ
૮ મહામંત્રી ઉદાયન
૯ મહાસતી અંજના
૧૦ રાજર્ષિ પ્રસન્નચંદ્ર
૧૧ મયણરેહા
૧૨ ચંદન મલયાગિરિ
૧૩ કાન કઠિયારો
૧૪ મુનિશ્રી હરિકેશ
૧૫ કપિલ મુનિ


૧૦ રાજર્ષિ પ્રસન્નચંદ્ર
૧૧ મયણરેહા
૧૨ ચંદન મલયાગિરિ
૧૩ કાન કઠિયારો
૧૪ મુનિશ્રી હરિકેશ
૧૫ કપિલ મુનિ


## ત્રીજી શ્રેણી

૧ શ્રી ભદ્રબાહુ સ્વામી
૨ શ્રી હેમચંદ્રાચાર્ય
૩ શ્રી હરિભદ્રસૂરિ
૪ શ્રી સિદ્ધસેન દિવાકર
૫ શ્રી બપ્પભટ્ટ સૂરિ
૬ શ્રી હીરવિજય સૂરિ
૭ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી
૮ સતી સીતા
૯ દ્રૌપદી
૧૦ નળ દમયંતી
૧૧ મૃગાવતી
૧૨ સતી નંદયતી
૧૩ ધન્ય અહિંસા
૧૪ સત્યનો જય
૧૫ અસ્તેયનો મહિમા
૧૬ સાચો શણગાર-શીલ
૧૭ સુખની ચાવી યાને સંતોષ
જૈન તીર્થોનો પરિચય ભા. ૧ લો.
જૈન તીર્થોનો પરીચય ભા. ૨ જો.
જૈન સાહિત્યની ડાયરી


દરેક સેટની કિંમત [illegible] પોસ્ટેજ છ આના.

બીજાં પુસ્તકો માટે સૂચિપત્ર મંગાવો—

**ચિત્રકાર ધીરજલાલ ટોકરશી શાહ**

રાયપુર, હવેલીની પોળ : અમદાવાદ.